# આપણા આહાર સાથે ચેડાં થવાનું કારણ શું છે?

2023માં વિશેષ કરીને બાળક માટે સ્વાસ્થ્યપ્રદ રીતે ઓળખાતા ડ્રિંક બોર્નવિટા પર સવાલ ઊભા થયા હતા અને તે પ્રશ્ન કરનાર હતાં રેવન્ત હિમતસિન્કા. રેવન્તે પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર સાબિત કરી બતાવ્યું કે બાળકને તમે 'હેલ્થ ડ્રિંક' કરીને પીવડાવો છો; તેમાં ખરેખર 100 ગ્રામમાં 37.4 જેટલી માત્ર ને માત્ર ખાંડ છે! જ્યારે આ વિગત પ્રકાશમાં આવી ત્યારે દેશમાં વ્યાપક રીતે બાળકોમાં બોર્નવિટા ફેવરીટ ડ્રિંક તરીકે પ્રચલિત હતું પરંતુ રેવન્ત જેઓ 'ફૂડ ફાર્મર'[સ્વસ્થ ખાણી-પીણી પ્રત્યે જાગ્રતતા લાવનાર] તરીકેની ઓળખ ધરાવે છે - તેમણે વિડિયો પર આ વાત સાબિત કરી બતાવી. બોર્નવિટાની વર્ષોની શાખ પર રેવન્તે એક વિડિયોથી પાણી ફેરવી નાંખ્યું. હોહા થઈ અને બોર્નવિટાનું ઉત્પાદન કરતી કંપની 'મોન્ડેલેઝ ઈન્ડિયા' મેદાનમાં ઊતરી અને તેના દ્વારા રેવન્ત હિમતસિન્કાને લિગલ નોટિસ પાઠવવામાં આવી. ન્યૂઝમાં પણ આ વાત ચમકી એટલે કેન્દ્ર સરકારે પણ આ મુદ્દો ધ્યાને લીધો અને દેશમાં આહાર સંબંધિત બાબતની તપાસ કરતી એજન્સી 'ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા'[FSSAI] દ્વારા 'મોન્ડેલેઝ ઈન્ડિયા'ને લઈને તપાસ આદરવામાં આવી. હવે આમાંથી કોઈ પણ રીતે 'બોર્નવિટા'ને ક્લિનચીટ આપવી મુશ્કેલ હતી એટલે FSSAIએ હોંશિયારીપૂર્વક એક વિગત પોતાની વેબસાઈટ પર મૂકી દીધી. તેમાં 'બોર્નવિટા' ખરેખર સ્વાસ્થપ્રદ છે કે નહીં તે વાત ટાળી દીધી અને માત્ર કંપનીઓએ ખોટા દાવા કરવા નહીં, ત્યાં સુધી તપાસને સીમિત કરી દીધી. તે માટે FSSAI દ્વારા એક સમિતિ પણ ઘડી નાંખવામાં આવી.

આ પૂરી ઘટના પ્રકાશમાં આવી એપ્રિલ, 2023માં અને તે પછી જ્યારે FSSAI ખોટા દાવા ન કરવાનો મુદ્દો લઈ આવી, તે પછી ડિસેમ્બર, 2023માં બોર્નવિટા ઉત્પાદન કરતી કંપની 'મોન્ડેલેઝ ઈન્ડિયા'એ બોર્નવિટામાંથી ખાંડનો હિસ્સો 37.4થી ઘટાડીને 32.2 સુધી લઈ જવાની જાહેરાત કરી. મતલબ કે 14% ખાંડનો ઘટાડો. લોકોમાં જાગેલી ચર્ચાથી આટલું પરિણામ મળ્યું પણ કંપની પર જે આરોપ રેવન્ત હિમતસિન્કાએ લગાવ્યા હતા તે અંગે FSSAIની તપાસ આગળ વધારી તો તેમના 'એક્શન રિપોર્ટ'માં બોર્નવિટાના પેકેટ પર બાળકોની તસવીર અને 'ધ પ્રોડક્ટ ઈઝ ફોર ચિલ્ડ્રન' લખાણ પર પણ પ્રશ્નો ઊઠ્યા. અહીંયા સુધી એવું લાગે કે FSSAIએ પૂરતી કાર્યવાહી કરી છે પરંતુ જ્યારે આગળ FSSAI 'એક્શન રિપોર્ટ' વિશે પગલાં શું લીધાં તેની તપાસ 'સ્ક્રોલ'ન્યૂઝ પોર્ટલના પત્રકાર શ્રીગિરીશ જાલિહાલે કરી તો તેમાં ચોંકાવનારાં તથ્યો પ્રકાશમાં આવ્યાં. 'રાઈટ ટુ ઈન્ફોર્મેશન' અંતર્ગત જ્યારે FSSAI પાસેથી આ અંગેના દસ્તાવેજ માંગવામાં આવ્યા ત્યારે તેમાં બોર્નવિટા સંબંધે 'મોન્ડેલેઝ ઈન્ડિયા'નો જવાબ સંતોષકારક ગણીને તપાસ બંધ કરી દેવામાં આવી હતી. મતલબ કે, બોર્નવિટાની પ્રોડક્ટ કોઈ ગંભીર ચેતવણી વિના બજારમાં ચાલુ રહી અને તેનું વેચાણ આજે પણ ધમધોકાર થાય છે.

'સ્ક્રોલ'ન્યૂઝ પોર્ટલ દ્વારા 'મોન્ડેલેઝ ઈન્ડિયા' પાસે પણ આ મુદ્દે સ્પષ્ટતા માંગવામાં આવી અને તે પછી FSSAI પાસેય જવાબ માંગવામાં આવ્યો પરંતુ તેમની પાસેથી કોઈ વિગત 'સ્ક્રોલ'ને આપવામાં ન આવી. તે પછી બોર્નવિટાનું પેકેજિંગ જસનું તસ રહ્યું અને તેના પર આવતી બાળકની તસવીર પણ ન બદલાઈ. બીજી તરફ કંપનીએ 'એડલ્ટ ઈન્ટેક્સ' [પુખ્તોનો આહાર]નો પ્રચાર કરીને પોતાની પ્રોડક્ટ બચાવી લીધી. હાલમાં પણ બોર્નવિટાની જે એડ ટેલિવિઝન પર આવે છે તેમાં ક્રિકેટર સૂર્યકુમાર યાદવ મુખ્ય કિરદારમાં ગલી ક્રિકેટ રમતો બતાવવામાં આવ્યો છે. તેની સાથે અન્ય પ્લેયર ક્રિકેટર રમતાં દેખાય છે તે બાળકો છે. મતલબ કે કોઈ પણ રીતે પ્રોડક્ટને વેચો અને નફો કમાવો.

'સ્ક્રોલ' દ્વારા આ રીતે આહારમાં થઈ રહેલા ઠગાઈના બે વિસ્તૃત લેખ કરવામાં આવ્યા છે અને તે લેખમાં FSSAIની ભૂમિકા અને કંપનીઓ કેવી રીતે છેતરામણી એડ કરીને લોકોને બિનઆરોગ્યપ્રદ આહાર પધરાવી રહી છે તેનો ચિતાર છે. FSSAI એ કેન્દ્રિય સ્વાસ્થ્ય મંત્રાલયના અંતર્ગત આવે છે અને તે દેશની સર્વોચ્ચ આહાર નિરીક્ષક [એપેક્સ ફૂડ રેગ્યુલેટર] સંસ્થા છે. તેનું મુખ્ય કાર્ય આહાર અને પેય પદાર્થ વિશે દાવા થાય છે તે ચકાસવાનું છે. કંપનીના દાવા ખોટા હોય તો તેની પર એક્શન લેવાનો FSSAIને અબાધિત અધિકાર છે. જો FSSAIના સૂચન માનવામાં કંપની આનાકાની કરે તો તેની સત્તા લાઈસન્સ રદ કરવા સુધીની છે.

સરકાર કે અન્ય સરકારી સંસ્થાઓને નાગરિકોના સ્વાસ્થ્ય કે અધિકાર સાથે ચેડાં ન થાય માટે જે અધિકાર આપવામાં આવ્યો છે તેનો ઉપયોગ તો થતો નથી; પરંતુ તેના અવેજમાં ઘણી વખત તેઓ કંપનીઓને છાવરે પણ છે. એક બીજું ઉદાહરણ પણ 'સ્ક્રોલ'ની વેબસાઈટ પર છે. આ સ્ટોરીના મથાળામાં પત્રકાર શ્રીગિરીશ જાલિહાલે એ મતલબનું લખ્યું છે કે, દેશની આહાર ચકાસણીની સંસ્થા FSSAI દ્વારા 160થી વધુ આહાર કંપનીઓના ખોટા દાવાઓને ઓળખી કાઢ્યા હતા અને વર્ષો પછી હજુય તેમાં કોઈ બદલાવ આવ્યો નથી. આ લેખમાં બીજી એક જાણીતી કંપની બ્રિટાનિયાની 2021થી માર્કેટમાં મૂકાયેલા મિલ્ક બિકિસ બિસ્કિટ સંબંધિત દાવાનો છેદ ઉડાડવામાં આવ્યો છે. આ બિસ્કિટની જાહેરાતમાં 'સોએ સો ટકા લોટ' અને 'દૂધ રોટી કી શક્તિ' એ રીતે પ્રચાર થતો હતો. આ અંગે FSSAIએ જાન્યુઆરી 2024માં કંપનીને નોટિસ ફટકારી અને કહ્યું કે તમે કેમ આ પ્રકારની ખોટી જાહેરાત કરો છો, વહેલાસર તે હટાવી દો. આ અંગે કંપની અને FSSAI વચ્ચે પત્ર-ઈમેલ દ્વારા સંવાદ થતો રહ્યો. અનેક વાર કંપનીએ FSSAIને જુદા જુદા વિકલ્પો મોકલીને પોતાના દાવાને યોગ્ય ઠરાવવાનો પ્રયાસ કર્યો. આખર સુધી FSSAI ન માન્યું અને નિર્દેશ કર્યા કે કોઈ પણ હિસાબે 100% લોટ અને દૂધની શક્તિની વાત હટાવી દેવામાં આવે. આ આદેશ થયા બાદ પણ હજુય તે બિસ્કિટ એ જ પ્રકારે માર્કેટમાં મળી રહ્યા છે. તેનાં ડિઝાઈનમાં કે લખાણમાં કોઈ બદલાવ આવ્યો નથી. આ કંપનીઓ કોઈ નાનીસૂની નથી. તેમાં બ્રિટાનિયા, ડાબર અને પતંજલિનું નામ આવે છે. આ કંપનીઓ FSSAIને સાવ અવગણતી હોય તેવી ખબર 'સ્ક્રોલ'ના અહેવાલમાં જાણવા મળે છે. FSSAIની અનેક ચેતવણી છતાં કંપનીઓ પોતાના માર્કેટિંગમાં કે લેબલિંગમાં કોઈ જ બદલાવ લાવતી નથી. એક તરફ દેશને સ્વાસ્થ્યપ્રદ બનાવવાની મુહિમ સરકાર ચલાવે છે અને બીજી તરફ કંપનીઓને ખૂલી છૂટ આપી છે. કંપનીની જેમ ખોટા દાવા કરવામાં સરકાર પણ પાછળ નથી.

એ રીતે ડાબર રીઅલ જ્યુસમાં પણ '100% જ્યુસ'ના ક્લેમ સંબંધે પ્રશ્નો ઊઠ્યા હતા. આ અંગે એક પિટિશન દિલ્હી હાઈકોર્ટમાં થઈ છે અને તે વિશે કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. અત્યારે સોશિયલ મીડિયાના યુગમાં આ અંગે ઘણી માહિતી મળે છે અને તેમાં કંપનીઓની પોલ ખૂલી રહી છે. પણ જ્યારે 2024ના મેમાં એક ફૂડ એક્ટિવિસ્ટ દ્વારા FSSAIને એવી માહિતી માંગવામાં આવી કે, 'તમારા દ્વારા કઈ કંપનીઓનું લાયસન્સ રદ કરવામાં આવ્યું છે?'તો તે વિશે FSSAI આવી કોઈ માહિતી ઉપલબ્ધ નથી - તે પ્રકારનો ઉત્તર વાળ્યો હતો. બ્રિટાનિયા પર માત્ર બિસ્કિટને લઈને પ્રશ્ન ઊઠ્યા નહોતા, બલકે તેની બ્રેડમાં પણ પૂર્ણ રીતે ઘઉંના લોટથી બનાવેલી છે - તેવો ક્લેમ થતો હતો. નિયમ એવો છે કે જો તેમાં 75 % ઘઉંના લોટનો ઉપયોગ થયો હોય તો જ તેને 'પૂર્ણ રીતે ઘઉંની' એમ કહી શકાય પરંતુ બ્રિટાનિયાની બ્રેડમાં ઘઉંના લોટનું પ્રમાણ 62 % માત્ર હતું. એ રીતે બાબા રામદેવની કંપની પતંજલિની મધની પ્રોડક્ટમાં જે રીતે સ્વાસ્થ્યપ્રદના દાવા થયા હતા, તે ખોટા હતા. તે મુદ્દો પણ FSSAIમાં પહોંચ્યો હતો, છતાં હજુ તે વિશે કોઈ સમાધાન આવ્યું નથી. ન્યૂટ્રેલા ન્યૂટ્રિશન્સ પ્રોડક્ટ્સ તો એટલે સુધી દાવો કરી દે છે કે તે તમારી ઈન્સ્યુલિનની સેન્સિવિટીમાં સુધાર કરે છે. ઉપરાંત તે વજન ઘટાડવમાં, ભૂખ અને ખાંડનું શરીરમાં જે નિયમન થાય છે તે માટે ઉપયોગી છે. આ બધી જ પ્રોડક્ટ હાલ પણ ઓનલાઈન અને આપણી આસપાસના બજારમાં મળે છે. આ વિશે કેન્દ્ર કે રાજ્ય સરકાર એક શબ્દ સુધ્ધાં બોલતી નથી. સ્વાસ્થ્ય માટે સરકાર યોગ દિવસ ઉજવે છે અને ઓર્ગેનિક ખેતીને પણ પ્રમોટ કરે છે પણ દિવસ-રાત ધૂમ વેચાઈ રહેલી પ્રોડક્ટ જે સ્વાસ્થ્ય માટે અતિગંભીર છે તે વિશે કોઈ જ પગલાં લેવાતાં નથી. આ જાયન્ટ કંપનીઓ જે રીતે નફો રળી રહી છે, તેમાં આપણે આપણું ભવિષ્ય અને સ્વાસ્થ્યને ખોઈ રહ્યાં છીએ. નાગરિક તરીકે આપણે જાતે જ આવી વસ્તુને તપાસીશું નહીં તો તેમાં પહેલો વાંક સરકાર કે કંપનીઓનો નહીં પણ આપણો છે.




**સ્વાસ્થ્ય માટે સરકાર યોગ દિવસ ઉજવે છે અને ઓર્ગેનિક ખેતીને પણ પ્રમોટ કરે છે પણ દિવસ-રાત ધૂમ વેચાઇ રહેલી પ્રોડક્ટ જે સ્વાસ્થ્ય માટે અતિગંભીર છે તે વિશે કોઇ જ પગલાં લેવાતાં નથી**

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

# 'સતલુજ' ફિલ્મે જે ન બતાવ્યું તે... જશવંતસિંહ ખાલરા નક્સલવાદી હતા!

'સતલુજ' ફિલ્મ પછી પંજાબમાં ખાલિસ્તાની ત્રાસવાદ દરમિયાન કથિત પોલીસ દમનની ચારેકોર ચર્ચા છે. આ ફિલ્મ કથિત માનવાધિકાર કાર્યકર્તા જશવંતસિંહ ખાલરા પર આધારિત હોવાનું કહેવાય છે. મીડિયામાં પણ ઠેરઠેર લખાયેલા સમાચારનો સૂર એક જ છે કે

"જશવંતસિંહ ખાલરા માનવાધિકાર કાર્યકર્તા હતા. પોલીસ ચોરીછૂપીથી શીખોને મારી નાખી તેમની અંતિમ વિધિ કરતી હતી. આ રીતે, ૨૫,૦૦૦ લોકોની અનૈતિક અંતિમ વિધિ કરાઈ હતી. તેને તેમણે ખુલ્લી પાડી હતી. તેમને પોલીસ ઉઠાવીને લઈ ગઈ હતી અને પછી તેમની હત્યા થઈ ગઈ હતી."

તમે વિકિપિડિયા જોશો તો તે પણ આમ જ કહેશે. (વિકિપિડિયા ઘણાં તથ્યો છુપાવે છે અને તેનો ડાબેરી ઝુકાવ આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતો છે.) જેમિની AI, ગૂગલ પણ તમને જશવંતસિંહની બીજી બાજુ નહીં બતાવે, કારણ કે તેમનો ડાબેરી ઝુકાવ પણ જાણીતો છે.

જશવંતસિંહની બીજી બાજુ આ કૉલમમાં આપણે જાણીશું.

જશવંતસિંહના દાદા હરનામસિંહ ખાલરા ભારતની સ્વતંત્રતા માટે લડનારા ક્રાંતિકારી હતા. તેમણે પ્રખ્યાત ગદર ચળવળમાં ભાગ લીધો હતો. હરનામસિંહ જ્યારે ભારતથી કેનેડા જઈ રહ્યા હતા ત્યારે બધા યાત્રીઓને ત્યાં ઉતરવા ન દેવાયા અને જહાજને પાછું મોકલી દેવાયું. જહાજ પાછું ભારત આવ્યું ત્યારે હરનામસિંહની ધરપકડ કરી દેવાઈ અને તેમની સામે લાહોર ષડયંત્ર કેસ ચલાવાયો અને લાહોરના કારાવાસમાં તેમને બંદી રખાયા હતા.

પ્રશ્ન એ થાય કે આવા દાદાના પૌત્ર જશવંતસિંહ દેશને તોડવા તરફની પ્રવૃત્તિ તરફ કેમ વળી ગયા? ૧૯૬૭માં પ. બંગાળથી શરૂ થયેલી નક્સલ ચળવળ (હિંસક આંદોલન જ હતું એ) એ જ વર્ષમાં પંજાબ પહોંચી હતી. જોકે નક્સલીઓએ પછી વિદ્યાર્થીઓને પકડવાના શરૂ કર્યા અને નૌજવાન ભારત સભા નામનું સંગઠન રચ્યું. શિક્ષકો અને કર્મચારીઓના ડાબેરી સંઘો પણ રચાયા. જશવંતસિંહ ખાલરા નૌજવાન ભારત સભામાં જોડાયા હતા અને ૧૯૭૦ના દાયકામાં તેમણે અમૃતસર જિલ્લામાં તેની પાંખ ખોલી હતી. આ વાતો લેખક અજમેરસિંહે તેમના પુસ્તક 'ડાર્કનેસ ડિફાઈડ'માં લખી છે. લેખક પોતે પણ નક્સલવાદી હતા એટલે આ વાતોને વધુ બળ મળે છે.

અજમેરસિંહ લખે છે કે ૧૯૮૪માં જે ઘટનાઓ બની (ઑપરેશન બ્લુ સ્ટાર ઈત્યાદિ) તેના કારણે ખાલરા શીખ પંથ તરફ વધુ દૃઢતાપૂર્વક વળી ગયા અને ખાલિસ્તાનના ધ્યેય સાથે જોડાઈ ગયા. ખાલરાએ કેનેડા જઈને એવો પ્રચાર કર્યો કે આ તો શીખોનો નરસંહાર (જિનોસાઈડ) છે. જ્યારે કે હકીકત એ હતી કે ખાલિસ્તાની ત્રાસવાદીઓએ કાશ્મીરમાં પંડિતોનો જે રીતે નરસંહાર કર્યો હતો તે રીતે બસો ઊભી રાખીને ૩૪ હિન્દુઓને કોઈ વાંક વગર મારી નાખ્યા હતા. ૨૩ જૂન ૧૯૮૫એ કેનેડાના મૉન્ટ્રીયલથી મુંબઈની બૉઈંગ ૭૪૭ની ફ્લાઈટમાં બૉમ્બ ધડાકો કરીને ભારતીય, કેનેડા અને બ્રિટિશ નાગરિકો સહિત ૩૨૯ લોકોની હત્યા કરી હતી.

'ઈણ્ડિયા ટૂડે' અને 'ઈણ્ડિયન ઍક્સ્પ્રેસ'ના પૂર્વ તંત્રી તેમજ વર્તમાનમાં 'ધ પ્રિન્ટ'ના તંત્રી શેખર ગુપ્તએ 'કટ ધ ક્લટર'ના એક વિડિયો એપિસૉડમાં જણાવ્યું છે કે ખાલિસ્તાની ત્રાસવાદીઓએ મુસ્લિમ ત્રાસવાદીઓની જેમ વિદ્યાર્થીઓને રાષ્ટ્રગીત ગાવા પર પ્રતિબંધ મૂક્યો હતો. તેઓ પોતાનો અભ્યાસક્રમ લાગુ કરવા માગતા હતા. હિન્દી ભાષા પર પણ પ્રતિબંધ મૂકાયો હતો. છોકરીઓને શાળામાં સ્કર્ટ પહેરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. પેન્ટ પર પણ પ્રતિબંધ મૂકાયો હતો.

અબીલ ગુલાલ
જયવંત પંડ્યા

પતિયાલાના રાજપુરામાં સરકારી શાળામાં એક મહિલા આચાર્ય હતાં. ખાલિસ્તાની ત્રાસવાદીઓ સ્કર્ટના વિરોધમાં ત્યાં ગયા ત્યારે આ મહિલા આચાર્યએ વિનંતી કરી કે મારી છોકરીઓ ગરીબ છે. મને થોડા સપ્તાહ આપો જેથી વિદ્યાર્થિનીઓના વાલી પૈસાની વ્યવસ્થા કરી સલવાર-કમીઝ ખરીદી શકે. આ સમય દરમિયાન તેમને સ્કર્ટ પહેરીને આવવા દો. હું ચોક્કસ તેમને સલવાર-કમીઝ પહેરવા ફરજ પાડીશ. તેમણે આ દલીલો કરી એટલા માટે ખાલિસ્તાની ત્રાસવાદીઓએ તેમના શરીરમાં બે ગોળીઓ ધરબી દીધી.

પંજાબ યુનિવર્સિટીમાં પણ છોકરીઓને જીન્સ તો ઠીક સાડી પહેરવાની પણ છૂટ નહોતી. માત્ર સલવાર-કમીઝ જ પહેરવાની છૂટ હતી. વાળ કાપવાની, આઈબ્રૉ, લિપસ્ટિક, ચાંદલો કરવાની પણ છૂટ નહોતી. જો તમે આનું પાલન ન કરો તો તેમને માર મારવામાં આવતો, બીજી રીતે હેરાન કરવામાં આવતા. શેખર ગુપ્તાના કહેવા પ્રમાણે, ત્યારે આ આદેશનું પાલન ન કરનારી યુવતીઓ પણ હતી જે કહેતી કે મારા જીન્સ સાથે ખાલિસ્તાનને શું લેવાદેવા?

'સતલુજ'માં આ વાતો જ નથી. લોકોને આ વાતોની જાણ જ નથી. ખાલિસ્તાની ત્રાસવાદીઓ સામેની કાર્યવાહીને શીખ સમુદાય વિરુદ્ધની કાર્યવાહી ગણાવવાની આ તો વાત થઈ.

૨૦૧૬માં જેએનયૂમાં ત્રાસવાદી અફઝલ ગુરુની મૃત્યુ તિથિએ કાર્યક્રમ દરમિયાન જે સૂત્રો પોકારાયાં, જેએનયૂમાં ભીંત પર જે સૂત્રો લખાય છે, ૨૦૨૧ના ખેડૂત આંદોલન દરમિયાન જે સૂત્રો પોકારાયાં અને અત્યારે 'નીટ-યૂજીસી' અનુમાનિત પેપર લીક સામે કૉકરોચ જનતા પાર્ટીના આંદોલનમાં જે વાતો થાય છે તે બધામાં સામ્યતા છે. આ સામ્યતા એ છે કે બ્રાહ્મણવાદથી મુક્તિ. હિન્દુ રાષ્ટ્રથી મુક્તિ.

જશવંતસિંહ ખાલરા પણ આ જ વાતો કરતા હતા. તેમણે 'લિબરેશન ખાલિસ્તાન' નામનું એક સામયિક ચાલુ કર્યું હતું અને તેના તેઓ તંત્રી પણ હતા. તેમાં પ્રસિદ્ધ એક લેખમાં



**જશવંતસિંહ ખાલડા માનવાધિકાર કાર્યકર્તા હોવાનું 'સતલજ' ફિલ્મમાં બતાવાયું અને તે પછી મીડિયામાં પણ એક જ સ્વરમાં આ વાત કહેવામાં આવી, પરંતુ અપ્રગટ અને અજાણી વાત એ છે કે ખાલડા નક્સલવાદી, હિન્દુઓના વિરોધી અને લોકતંત્રના વિરોધી હતા**

તેમણે બ્રાહ્મણવાદ, હિન્દુ રાષ્ટ્ર અને લોકતંત્રનો વિરોધ કરી સશસ્ત્ર ક્રાંતિની તરફેણ કરી છે.

આ સામયિકમાં પ્રકાશિત એક લેખમાં તેમણે લખ્યું હતું કે "સંત જરનૈલસિંહ ભીંદરાનવાલે (તેમને તેઓ સંત ગણાવે છે તે નોંધજો)એ ખાલિસ્તાન માટે જે આહ્વાન કર્યું તે ગુરબાની (શીખો ગુરુવાણી એટલે કે શીખોના ગુરુઓનો ઉપદેશ જે ખૂબ જ આદર્શ અને પવિત્ર મનાય છે) શીખવાની તેમની સાધના દ્વારા તેમનામાં જાગી હતી. આ કારણોસર, ખાલિસ્તાન માટેની તેમની પ્રવૃત્તિઓને ગુરબાનીની મહોર છે. (જોયું, ખાલરાએ ખાલિસ્તાની પ્રવૃત્તિઓને ગુરુવાણીની મહોર મારી તેને કેવી પવિત્ર બનાવી દીધી?) તેઓ દરેક શીખને ખાલિસ્તાની બનવા માટે ગુરબાની સાથે જોડાવા કહેતા હતા." (લિબરેશન ખાલિસ્તાન, વર્ષ ૧, અંક ૧, જાન્યુઆરી ૧૯૯૨)

જશવંતસિંહ ખાલરા લખે છે, "આપણે જે અનોખી સ્થિતિનો સામનો કરી રહ્યા છીએ તે એ છે કે શીખ સમુદાય સ્વતંત્રતા માટે સંઘર્ષ કરી રહ્યો છે અને તેના પલટવારમાં, ભારતનું હિન્દુ રાજ્ય ભારતની એકતા અને અખંડતાના નામ પર શીખો વિરુદ્ધ યુદ્ધ છેડી રહ્યું છે." તેઓ ૧૯૯૦માં ચૂંટણીમાં ભાગ લેવાના પણ વિરોધ કરતા કહે છે કે બર્મા (આજે મ્યાંમાર)માં ચૂંટણી જીતી હોવા છતાં રાજકીય પક્ષને શાસન નથી કરવા દેવાતું. તેઓ પૂર્વોત્તર ભારતના ઉગ્રવાદીઓનું પણ સમર્થન કરતા કહે છે કે તેમણે સ્વતંત્રતા માટે પોતાની પ્રતિબદ્ધતા દુનિયા સમક્ષ પ્રગટ કરી છે. તેમણે લખ્યું છે કે "જો આપણે ચૂંટણી જીતવા બ્રાહ્મણવાદના માપદંડોને અપનાવવા તૈયાર છીએ, તો આપણે સ્વીકારવું જોઈએ કે આપણે શીખ પંથના ઉચ્ચ માપદંડ પર ખરા ઉતર્યા નથીઆપણે ભલે દરેક ચૂંટણી જીતી જઈએ અથવા પોતાનો અલગ દેશ બનાવી લઈએ, તેમ છતાં આપણે જનતાને ભારતના બ્રાહ્મણવાદી સમાજથી અલગ કંઈ નહીં આપી શકીએ."

તાજેતરનાં કેટલાંક વર્ષોમાં ખાલિસ્તાનના નિર્મૂલ થઈ ગયેલા આતંકવાદને ફરીથી જગાડવાના પ્રયાસો પંજાબ અને વિદેશોમાં થઈ રહ્યા છે, કેટલાક પંજાબી પૉપ ગાયકોનાં ગીતોમાં જરનૈલસિંહની વાહવાહ કરવામાં આવે છે, પંજાબમાં હિન્દુઓની હત્યા થવા લાગી છે ત્યારે 'સતલુજ' ફિલ્મ ખાલિસ્તાનના મુદ્દાને ભડકાવવાનું કામ કરી ચૂકી છે. સૉશિયલ મીડિયા પર તેની તરફેણમાં ઘણું લખાઈ રહ્યું છે.

# મેસી પાસે એવું શું છે જે રોનાલ્ડો પાસે નથી, જવાબ છે ટીમની આત્મીયતા

બે દાયકાથી, ફૂટબોલમાં બંનેમાંથી કોણ સારું છે તે અંગે દલીલો ચાલી રહી છે. ગોલ, બેલોન ડી'ઓર, ટ્રોફીની ગણતરી, મોટી રમતની ક્ષણો - આ ચર્ચા દરેક શક્ય માપદંડ દ્વારા ચાલી છે. પરંતુ લિયોનેલ મેસી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો વચ્ચેનો વાસ્તવિક તફાવત સ્ટેટ શીટ પર જોવા મળતો નથી. તે તેમની આસપાસની ટીમોમાં જોવા મળે છે. કોઈપણ યુક્તિ કે ફોર્મેશનમાં તે દેખાય તે પહેલાંઆ અંતર સૌપ્રથમ દરેક માણસ સાથે તેના પોતાના ડ્રેસિંગ રૂમમાં કેવો વ્યવહાર થાય છે તેમાં દેખાય છે.

આર્જેન્ટિનાની જીત જુઓ, અને ઉજવણી ફક્ત પરિણામ વિશે જ હોય તેવું લાગે છે. વર્લ્ડકપ ક્વાર્ટર ફાઈનલમાં પ હોંચવા માટે ઈજિપ્તને હરાવ્યા પછી, ટીમે મેસીને પોતાના ખભા પર ઉઠાવી લીધો અને તેના નામનો ગુંજારવ કર્યો. જે કરાયું તે બધું માઈલસ્ટોન પછી, ટ્રોફી પછી અને સામાન્ય જીત પછી થાય છે. દરેક કેમેરા રોડ્રિગો ડી પોલને મેદાનમાં તેના માટે શોધતો જોતો હોય તેવું લાગે છે. એ આદર નથી. એ આત્મીયતાની નજીકની વાત છે. આર્જેન્ટિના હવે મેસીને એક સુપરસ્ટાર તરીકે માનતું નથી જે આકસ્મિક રીતે તેમની વતી રમે છે. તે ફક્ત તેમનો નેતા છે, અને ટીમ દર વખતે જ્યારે અંતિમ સીટી વાગે છે ત્યારે તે આ રીતે વર્તે છે.

ખેલખેલમેં

પોર્ટુગલમાં, વાતાવરણ ભાગ્યે જ એકસરખું સ્થાયી થાય છે. એનો અર્થ એ નથી કે રોનાલ્ડો અપ્રિય છે; ભૂતકાળ અને વર્તમાનના સાથી ખેલાડીઓ વારંવાર તેના રોજિંદા ધોરણો વિશે વાત કરે છે . પરંતુ રાષ્ટ્રીય ટીમની આસપાસની વાતચીત ભાગ્યે જ ફૂટબોલ પર લાંબા સમય સુધી રહે છે. તે ટીમ પસંદગી તરફ, રોનાલ્ડોએ હજુ પણ શરૂઆત કરવી જોઈએ કે નહીં, શું આગામી પેઢી પહેલાથી જ તેનાથી આગળ નીકળી ગઈ છે કે નહીં તે તરફ વળે છે.



તે ભાવનાત્મક અંતર રાતોરાત દેખાયું નહીં, અને તે મેદાન પર શરૂ થયું. આર્જેન્ટિનાએ વર્ષો સુધી એવી ભૂલ કરી જે દરેક મેસીની આગેવાની હેઠળની ટીમે કરવાનું નક્કી હતું: તેને બોલ સોંપવો અને આશા રાખવી કે પ્રતિભા બાકીની બધી બાબતોનો સામનો કરશે. તેઓ ફાઈનલમાં પહોંચ્યા અને હારી ગયા. તેઓએ એક વ્યક્તિની પ્રતિભાની આસપાસ હુમલાઓ બનાવ્યા અને શાંતિથી અપેક્ષા રાખી કે તે અન્યત્ર જે કંઈ પણ ખરાબ થયું તે સુધારશે. પરિણામ એ આવ્યું કે એક રાષ્ટ્રીય ટીમ મશીન જેવી ઓછી અને જાદુઈ યુક્તિ જેવી વધુ દેખાતી હતી - જ્યારે તે કામ કરતી હતી ત્યારે અદભુત અને જ્યારે ન કરતી હતી ત્યારે પોકળ. કંઈક બદલવું પડ્યું, અને તે મેસી બનવાનો નહોતો.મેસી વિશે કોઈ આ પ્રશ્નો પૂછતું નથી. કોઈને આશ્ચર્ય નથી થતું કે શું આર્જેન્ટિનાએ શાંતિથી બીજા કોઈ પાસે જવું જોઈએ. શું તે અવાજ ખરેખર ડ્રેસિંગ રૂમને પ્રતિબિંબિત કરે છે તે જાણવું અશક્ય છે, પરંતુ તેણે પોર્ટુગલની આસપાસના વાતાવરણને એવી રીતે આકાર આપ્યો છે કે આર્જેન્ટિના મોટાભાગે બચી ગયું છે.

તે પરિવર્તન લિયોનેલ સ્કેલોનીના નેતૃત્વમાં આવ્યું, અને તે મેસીની રમત નહોતી જે બદલાઈ ગઈ. ત્રીસીના દાયકાના મધ્યમાં ખેલાડી અચાનક નવા ગિયર્સ શોધતો નથી. જે બદલાયું તે તેની આસપાસની મશીનરી હતી. સ્કેલોનીની સૌથી મોટી સિદ્ધિ એ હતી કે તેણે મેસીને બધું કરવાનું કહેવાનું બંધ કર્યું અને એક એવી ટીમ બનાવી જેણે તેના પર આધાર રાખવાને બદલે તેની શક્તિ વધારી. એન્ઝો ફર્નાન્ડીઝે મિડફિલ્ડને નિયંત્રિત કર્યું, જેના કારણે મેસી બોલ પર કબજો મેળવવાનો પ્રયાસ કરવાને બદલે ખતરનાક ભાગમાં જઈ શક્યો. એલેક્સિસ મેક એલિસ્ટરે રેખાઓ જોડી, જ્યારે જુલિયન અલ્વારેઝના અવિરત દબાણથી મેસીને મેચ નિર્ણાયક ક્ષણો માટે પોતાની ઊર્જા બચાવવાની સ્વતંત્રતા મળી. આ બધું આકસ્મિક રીતે બન્યું નહીં. દરેક ભૂમિકા મેસીને પૂરક બનાવતી હતી, પરંતુ સંપૂર્ણપણે તેની આસપાસ ફરતી નહોતી. પરિણામ એ આવે છે કે એક એવી ટીમ છે જે મેસી વીસ મિનિટ સુધી શાંત રહે છે ત્યારે પણ તૂટી પડતી નથી તે સ્થાપિત પેટર્ન દ્વારા તકો પણ બનાવી શકે છે અને પછી મેસીને આખી સ્ક્રિપ્ટ લખવાને બદલે અંતિમ સ્પર્શ આપવા દે છે. આર્જેન્ટિના હવે મેસી માટે રમતી નથી. તેઓ તેની સાથે રમે છે.

**લિયોનેલ મેસી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ એક યુગને વ્યાખ્યાયિત કર્યો છે, પરંતુ તેમની વચ્ચેનો સૌથી મોટો તફાવત ગોલ કે ટ્રોફીનો નથી. તે તેમની આસપાસની ટીમનો છે**

પોર્ટુગલની વાર્તા ખૂબ જ અલગ રીતે પ્રગટ થઈ છે, અને પ્રતિભાના અભાવને કારણે નહીં. જો કંઈ હોય તો, આ દેશે અત્યાર સુધી ભેગા કરેલા બ્રુનો ફર્નાન્ડિઝ, બર્નાર્ડો સિલ્વા, વિટિન્હા, રાફેલ લીઓ, જોઆઓ નેવેસ અને નુનો મેન્ડેસ જેવા ખેલાડીઓની સૌથી હોશિયાર પેઢી હોઈ શકે છે. પરંતુ પોર્ટુગલે ક્યારેય મૂળભૂત ઓળખનો પ્રશ્ન ઉકેલ્યો નહીં: શું આ ટીમ હજુ પણ રોનાલ્ડોની જ હતી, જે રીતે તે એક દાયકાથી વધુ સમયથી હતી, કે પછી તે એક નવી ટીમ બની ગઈ હતી જેમાં રોનાલ્ડો કેન્દ્રબિંદુને બદલે અંતિમ સ્પર્શ હતો? પોર્ટુગલનો મહાન ખેલાડી રોનાલ્ડો ફૂટબોલના સૌથી મોટા મંચ પરથી બહાર નીકળી ગયો છે અને તેના દેશે ક્યારેય તેની ઈન્ટરનેશનલ કારકિર્દીના સંધ્યાકાળને વ્યાખ્યાયિત કરતા પ્રશ્નનો સંપૂર્ણ જવાબ આપ્યો નથી. તમે તમારા ઈતિહાસના મહાન ખેલાડીને કેવી રીતે મહત્તમ બનાવો છો, જ્યારે તમારી મહાન પેઢીને પોતાને બનવા દો છો? કદાચ એ જ પોર્ટુગલનો સૌથી મોટો અફસોસ છે. તેમાં ક્યારેય પ્રતિભાનો અભાવ નહોતો. ક્યારેય મહત્વાકાંક્ષાનો અભાવ નહોતો. પણ તેઓ ક્યારેય સમજી શક્યા નહીં કે રોનાલ્ડો અને આ અસાધારણ પેઢીને એકસાથે કેવી રીતે ખીલવવી. પોર્ટુગલનો રોનાલ્ડો સાથેનો સંબંધ હંમેશા વધુ જટિલ રહ્યો છે.